# સાહિત્યમાં મનોસંચલનોનું આલેખન

પ્રા. સંગીતા રમેશચંદ્ર શાસ્ત્રી

ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ.

સાહિત્ય એ સમાજનું પ્રતિબિંબ છે. સમાજ કે સંસ્કૃતિ કોઈ પણ હોય, એને એનું પોતાનું આગવું સાહિત્ય તો હશે જ. એક પેઢી આ સાહિત્યનો વારસો બીજી પેઢીને આપતી જ હશે અને એટલે જ સમાજના વિકાસની દિશા અને ગતિનો અંદાજ આપણે સુપેરે લગાવી શકીએ છીએ. વાર્તાઓ, લોકગીતો, પ્રભાતિયા – આ બધું જ જે તે સમયની સંસ્કૃતિ અને જે તે સમયના માનવીના દૃષ્ટિકોણ, વિચારધારા અને જીવન ફિલસૂફી વ્યક્ત કરે છે. આમ, સમાજ જાણે-અજાણ્યે આગલી પેઢી માટે પોતાના પદચિહ્નો છોડતો જાય છે અને આપણી પાસે આ જ રીતે પ્રાચીન અને અર્વાચીન સાહિત્યનો ભંડાર એકત્રિત થતો જાય છે. વિવિધ ભક્તિકાવ્યો, ચારણી સાહિત્ય, લગ્ન પ્રસંગે ગવાતા લગ્નગીતો, ફટાણા, ગરબા, અરે, મરશિયા પણ પ્રસંગ અનુસાર માનવીની લાગણીઓને વાચા આપે છે. આ જ રીતે વિવિધ વાર્તાઓ અને નવલકથાઓ અંગે પણ કહી શકાય.

કોઈ પણ સ્વરૂપમાં રહેલી કૃતિનો મુખ્ય હેતુ એક જ હોય છે અને તે છે – 'સ્વ'ને વ્યક્ત કરવાનો. દરેક કૃતિમાં સર્જકો પોતાના 'સ્વ'ને કોઈકને કોઈક રીતે અને કોઈકને કોઈક રૂપે વ્યક્ત કરતા હોય છે. એ પછી ભલેને વ્યક્તરૂપે હોય કે છદ્મવેશે હોય, પણ પોતાના અનુભવો, અવલોકનો અને તેનો પ્રતિભાવ આ બધા જ સર્જનોમાં આપણે નોંધી શકીએ છીએ. આમ, સાહિત્ય વિવિધ સ્વરૂપે મનોભાવો સાથે વણાયેલું અને સંકળાયેલું રહ્યું છે. વળી, આ બધી કલાઓ એક સ્વરૂપે 'ભાવવિરેચન'ની તક આપે છે. કાવ્ય, વાર્તા, ગીત અને અન્ય સ્વરૂપો સર્જકની અનુભૂતિ અભિવ્યક્ત થઈને ભાવકના મનોજગત સુધી પહોંચી શકતી હોય છે.

કોઈ પણ સાહિત્યમાં નાટ્યસ્વરૂપ પણ આ જ રીતે એક ભાવવિરેચનના સાધન તરીકે તેમજ કલાસ્વરૂપે જોવાયું છે. નાટક અભિવ્યક્તિ સ્વરૂપે સમૂહ સમક્ષ પ્રસ્તુત થયેલ સામૂહિક ભાવવિરેચન કહી શકાય. 'છ હક્દ્ધિદ્રકૌજીજૈ જૈજ જોંષ્ટિી ક્રિહદ્ધ હીહજૈઔ હીંહિ' રીીખર કૈ જ ક્રૈંફ્રૈષ્ટર્કૈંહ' ક્રફ્રફ્ર દ્રક્રહીજિ ક દ્રીહ.' – છ. રૈફ્રફ્રી

નાટકાન્તમ્ કવિત્વમ્. – કવિત્વનો છેડો નાટક છે. નાટક માનવીને તેના આંતરવૈયક્તિક સંબંધોને તેના અંગત તેમજ પ્રગટ જીવનને સમજવાનું એક આગવું સાધન છે. માનવજીવનની અને સમાજજીવનની વિવિધ ભાવનાઓને પ્રતિબિંબિત કરતું હોવાથી 'નાટક' જગતનું દર્પણ બની શકે છે.

લોકસ્ય સર્વકર્માનુ દર્શનમ્. લોકવૃત્તાનુકરણમ્

ત્રૈલોકસ્થસ્ય સર્વસ્ય નાટ્યં ભાવાનુકીર્તનમ્. – (ભરતમુનિ)

વાસ્તવિક સ્વરૂપે અને કલ્પિત સ્વરૂપે સમાજમાંથી જ, સમાજ માટે વિવિધ રૂપે પ્રગટ થતું એક વિશ્વ એ નાટક છે, જે સર્જકના માનસમાંથી પ્રગટ થઈને ભાવકવર્ગની મનોભૂમિમાં પ્રવેશે છે. સર્જકના મનોજગતમાં સર્જાયેલું આ નાટક સમાજનું જ પ્રતિબિંબ છે જે સર્જકના દૃષ્ટિકોણથી તેની સમજના સમાજને વ્યક્ત કરે છે. આમ, વાસ્તવિક સામાજિક માનવવર્તન અને સર્જકની તે માટેની વર્તન માટેની સમાજનો કલાત્મક સંગમ એટલે નાટક.

ટૂંકમાં નાટક સમાજમાં જ જન્મીને, સમાજના નાના ભાગ દ્વારા સમગ્ર સમુદાય સમક્ષ પ્રસ્તુત થાય છે. સમુદાયની માનસભૂમિકા અનુસાર નાટ્યમુદ્રા પામે છે, એટલે કે દરેક ભાવક નાટકનો જુદો જુદો આસ્વાદ લઈ શકે છે.

નાટ્યમ્ ભિન્ન રુચૈર્જનસ્ય બહુધા અપિ એકમ સમારાધાનમ્.

નાટક માત્ર મનોરંજન જ નહીં, પરંતુ એક આગવો વિશિષ્ટ અનુભવ છે. તે માત્ર પ્રચારની પ્રવૃત્તિ નથી, પણ સાહિત્યને લોકાભિમુખ કરવાની પ્રયુક્તિ કે કળા છે. જેમાં માત્ર સર્જકનું જ સુખ કે આનંદ સમાવેશ પામતો નથી, પરંતુ રંગકર્મીઓ માટે તેમજ ભાવકો માટે પણ એટલું જ આનંદદાયક બની રહે છે. દરેક રંગપ્રયોગે નાટક પુનર્જન્મ પામતું હોય છે. નાટક દ્વારા માનવમનના, સ્ત્રી-પુરુષના અંતરંગ જીવનની અને સંબંધોના વિકાસ-વિરામ અને ગતિની સમજ મળે છે. સાથે સાથે આ સમજ ભાવકને આપી પણ શકાય છે. એટલે કે નાટક સહકારની કળા છે, જેમાં નાટ્યસર્જક,

લેખક, નટકર્મીઓ અને ભાવકવર્ગ એકસાથે એક જ મનોભાવનાના અનુભવમાંથી અનુભવની યાત્રા કરી શકે છે. આ કારણે જ મનોવિજ્ઞાન ક્ષેત્રે મનોપચારના સાધન તરીકે 'મનોનાટ્યપદ્ધતિ'નો ઉપયોગ કરવામાં આવે છે, જેમાં દર્દીના વ્યક્તિગત અને સામાજિક વર્તનની ચિકિત્સક પોતાના દૃષ્ટિકોણ મુજબ નિરીક્ષણ અને પૃથ્થકરણ કરે છે અને તેના વર્તનવિકારોની નોંધ કરીને દર્દીની મુલાકાત દરમ્યાન દર્દી સમક્ષ દર્દીની જેમ જ તે વિકારો પોતે અથવા તો અન્ય કલાકાર ભજવી બતાવે છે અને દર્દીએ એક નિરીક્ષક તરીકે પોતાની સામે થતા વર્તનનું મૂલ્યાંકન કરવાનું હોય છે. આ મનોનાટ્ય પદ્ધતિમાં દર્દી પોતે જ પોતાના વર્તનદોષ શોધીને પોતાની ખામીની સમજ મેળવે છે તથા તેનામાં પોતાની ખામી અને તેના કારણો અંગે આંતરસૂઝ ઉત્પન્ન થાય છે. મનોવૈજ્ઞાનિક આલ્ફ્રેડ એડલરનો આંતરસૂઝનો ખ્યાલ અહીં કામ લાગે છે. આંતરસૂઝ ઊભી થવાથી દર્દી પોતાના નકારાત્મક ગુણો જાતે જ દૂર કરવા પ્રયાસ કરે છે. આમ, નાટક માત્ર સાહિત્ય ક્ષેત્રે જ નહીં, પરંતુ મનોપચાર ક્ષેત્રે પણ નોંધપાત્ર યોગદાન આપી શક્યું છે.

વિખ્યાત મનોવૈજ્ઞાનિક સિગ્મન્ડ ફ્રોઈડ પણ મનોચિકિત્સા ક્ષેત્રે કાર્યરત હતા. હિસ્ટીરિયાની સારવાર કરતા કરતા તેમણે સંમોહન પદ્ધતિ શોધી અને સાથી ચિકિત્સક ડૉ. જોસેફ બ્રુઅરની સહાયતાથી ધીમે ધીમે બીજા દર્દીઓ સાથે કામ કરતા તેમને રોગ માટે કારણભૂત આંતરમનના સંઘર્ષોના અસ્તિત્વનો ખ્યાલ આવ્યો. પરિણામે તેમણે વ્યક્તિત્વના સિદ્ધાંતો અંગે અભ્યાસ કર્યો અને ઈડ, ઈગો અને સુપર ઈગોની સમજૂતી આપી. તેમણે સમજાવ્યું કે દરેક વ્યક્તિમાં તત્-તત્ત્વ, અહમ્ અને અધિઅહમ્‌ના સંઘર્ષો તેના વર્તનની વિકૃતિ માટે જવાબદાર હોય છે અને તેના સ્વપ્નો પણ આ ત્રણ બાબતોના કારણે જ ઉદ્‌ભવે છે. દરેક વ્યક્તિત્વ જે કાંઈ વર્તનસમસ્યા ધરાવે છે તેનું મૂળ કારણ આ જ હોય છે. આ ઉપરાંત તેમણે લિબિડો અને મૃત્યેષણાની સંકલ્પના પણ સમજાવી. લિબિડો જે જીવનતત્ત્વ છે, તે માનવીના દરેક સકારાત્મક વર્તન માટે જવાબદાર હોય છે. તેની સર્જકતા તેમજ પોતાના તેમજ અન્યના સુખ માટે થતી દરેક પ્રવૃત્તિ તે આ લિબિડોના કારણે ઉદ્‌ભવે છે. ફ્રોઈડ દર્શાવે છે કે દરેક વ્યક્તિ જન્મથી જ સુખની પ્રાપ્તિ ઈચ્છે છે. આપણે એને સુખસિદ્ધાંત તરીકે ઓળખીએ છીએ. ફ્રોઈડે આનંદની પ્રાપ્તિને જાતીય બાબતો સાથે સંબંધિત માની છે અને તેણે દર્શાવ્યું છે કે દરેક વ્યક્તિ બાળપણથી જ જાતીય આનંદ મેળવવા પ્રયાસ કરે છે. પરંતુ સામાજિક રીત-રિવાજો અને રૂઢિ તેને આ કાર્યથી દૂર રાખે છે. પરિણામે ઈચ્છાતૃપ્તિમાં અવરોધ આવતાં તે નિરાશા અનુભવે છે અને પોતાની ગ્લાનિને ભૂલવા માટે વિવિધ બચાવપ્રયુક્તિઓનો ઉપયોગ કરી પોતાના અહમ્‌ને જાળવી રાખે છે. જ્યારે વ્યક્તિ આ બચાવપ્રયુક્તિની ઢાલ પણ વાપરી શકતી નથી ત્યારે સંઘર્ષાત્મક પરિસ્થિતિમાં તે ધીમે ધીમે ચિંતા, ભય અને વિવિધ વર્તનવિકૃતિઓનો શિકાર બનતો જાય છે. માનવવ્યક્તિત્વમાં દેખાતી કેટલીક વિશિષ્ટ ખામીયુક્ત બાબતો અને કેટલીક ખૂબીઓ પણ આ કારણે જ જોવા મળે છે. તેમણે અચેતન માનસનું દરેક વર્તનમાં યોગદાન છે એ બાબત ભારપૂર્વક દર્શાવી. સાહિત્ય, કલા, ધર્મ, સામાજિક પ્રથાઓ, નીતિ, શિક્ષણ દરેક ક્ષેત્રમાં ફ્રોઈડના આ સિદ્ધાંતોનો પ્રભાવ પડ્યો.

નાટકમાં પણ દરેક પાત્રના વ્યક્તિત્વમાં ફ્રોઈડનો વ્યક્તિત્વ સિદ્ધાંત અને અચેતન માનસની જરૂરિયાતોની બાબતો સંકળાયેલી જોવા મળે છે. પરદેશનું નાટક હોય કે ભારતીય, દરેકમાં આ સિદ્ધાંતો લાગુ પડે છે.

નાટકની પરંપરા ભારતીય સમાજમાં ઘણી પુરાણી છે. વિવિધ પ્રદેશોના રાજદરબારોમાં વારંવાર નાટકોનું આયોજન થતું હોય છે. કેટલીકવાર સ્વયં રાજાઓ પણ અભિનય કરતા હતા. શાકુંતલ હોય કે સ્વપ્નવાસવદત્તમ્ તેમાં નાયક, નાયિકાના આંતરમનના મનોભાવોને મનોવૈજ્ઞાનિક ઢબે સરળતાથી સમજી શકાય તેવા છે. વાસવદત્તાની ગેરહાજરીમાં પણ રાજા ઉદયનને – તે પદ્માવતીને પરણ્યો હોવા છતાં, સ્વપ્નમાં વાસવદત્તાનું દર્શન અજાગૃત મનમાં થાય છે. કારણ કે વાસવદત્તા પ્રત્યેની દમિત પ્રેમની લાગણીને ઉદયન ભૂલી શકતો નથી. આ જ રીતે મૃચ્છકટિકમ્‌માં વસંતસેનાનો ચારુદત્તની પત્ની સાથેનો વ્યવહાર નિરૂપીને વસંતસેનાના પાત્રનો આધુનિક સ્ત્રી તરીકેના લક્ષણો આ પાત્રમાં ઉજાગર કર્યા છે. રાજા અગ્નિમિત્રનો માલવિકા પ્રત્યેનો અનુરાગ આ રીતે જ જોઈ શકાય છે. સંસ્કૃત નાટકોથી લઈને ગુજરાતની ભવાઈ સુધીની વાત કરીએ તો દરેક કૃતિમાં નાયક, નાયિકા કે અન્ય પાત્રોના મનોભાવોનું અમીટ છાપ છોડી દે તેવું ચરિત્રચિત્રણ પણ આ સિદ્ધાંતોના આધારે સમજી શકાય તેમ છે. પાત્રોના વ્યક્તિત્વની આ અસર પણ માનવવર્તનમાં કોઈકને કોઈક રીતે અસર કરતી જોવા મળે છે. કોઈ ચોક્કસ નવલકથા વારંવાર વાંચીને તેના હતભાગી નાયકની જેમ ઘણા યુવાનોએ ગૃહત્યાગ કર્યો હોય કે આત્મહત્યાના માર્ગે ગયા હોય તેવા અનેક કિસ્સાઓ નોંધાયા છે. આમ, સાહિત્યની પણ માનવવર્તન ઉપર ગહન અસર જોવા મળે છે.

નાટક સાહિત્ય અને સમાજને સતત જોડતું આવેલું અભિવ્યક્તિનું મહત્વનું અંગ છે. એટલે સમાજ ઉપર તે સીધી અસર જન્માવે છે અને સશક્ત સર્જક હોય તો ધારી અસર નિષ્પન્ન કરી શકે છે. તે જ રીતે સમાજમાં બનતા બનાવો અને સમાજના કલ્યાણ અર્થે લાવવા યોગ્ય પરિવર્તનો અંગેના ખ્યાલો પણ નાટ્યઅભિવ્યક્તિમાંથી જ પ્રગટ થાય છે. પછી ભલે એ નાટક પરદેશના હોય કે ભારતીય, ગુજરાતી હોય કે કોઈ પણ ભાષાના હોય. નાટકમાં દરેક પાત્રના અભિનય માટે નટે પરકાયા પ્રવેશ કરવો પડે છે. આ માટે તેણે જે તે પાત્રના વ્યક્તિત્વને, તેના મનોજગતને અને મનની ગતિને સમજીને તે પાત્રને ન્યાય આપવો પડે છે. આ જ બાબત નાટ્યલેખક અને દિગ્દર્શકને લાગુ પડે છે. આ બધી બાબત સંભાળીને કરાયેલા મંચન બાદ એક ઘટના જીવંત બને છે અને આપણે તેને નાટક કહીએ છીએ. માટે જ આ ઘટનાને આપણે પ્રયોગ કહીએ છીએ. દરેક પ્રયોગ વખતે નાટક પુનર્જન્મ પામે છે અને નાટક પૂર્ણ થતા એ વિશ્વનો અંત આવે છે, પરંતુ ભાવકવર્ગના મનોજગતમાં તે લાંબા સમય સુધી જીવંત રહે છે. આવી ઘણી

*નાટ્યકૃતિઓ આપણા સાહિત્યભંડારમાં ઉપલબ્ધ છે, જેમાંની કેટલીક વિશે આપણે ઉપર ચર્ચા કરી ચૂક્યા અને હવે આપણે વિદેશની કૃતિઓની વાત કરીએ તો વિલિયમ શેક્સપિયરના નાટક હેમ્લેટના પાત્રોમાં આપણે હેમ્લેટનો 'ટુ બી, નોટ ટુ બી'નો સંઘર્ષ જોઈ શકીએ છીએ. સાથે સાથે ફ્રોઈડે વર્ણવેલ મૃત્યેષણા પણ વધુ પ્રભાવક રીતે નાટક દ્વારા સમજી શકીએ છીએ. ફ્રોઈડ કહે છે કે માનવીની મૃત્યેષણા જીવનમાં મળતી હતાશાના સમયે વધુ બળવત્તર બનીને માનવીને આક્રમકતા તરફ દોરી જાય છે. 'હેમ્લેટ' પણ તેને મળી ચૂકેલો પ્રેમ ત્યજીને આક્રમકતા અપનાવે છે, કારણ કે તેના વ્યક્તિત્વ પર મૃત્યેષણાનો પ્રભાવ જોવા મળે છે. તે જ રીતે 'મેકબેથ'માં રાજા ડંકનની પત્ની લેડી મેકબેથ પતિના ખૂન બાદ સતત અનિવાર્ય વિચારદબાણ તેમજ ક્રિયાદબાણનો ભોગ બને છે. તે બાબત ફ્રોઈડના સિદ્ધાંતોની અસર નીચે જ આલેખાયેલી છે. પીટર શેફરનું નાટક 'એક્વસ' પણ આ જ રીતનું આંતરિક માનસિક સંઘર્ષને કેન્દ્રમાં લખાયેલું નાટક છે. નાટકનો નાયક ૧૭-૧૮ વર્ષનો છોકરો છે જે અચાનક તબેલાના છ ઘોડાની બંને આંખોને ફોડી નાંખે છે અને પોતાનો ગુન્હો કબૂલ કરે છે. મનોચિકિત્સક આ કિશોરની મનોવ્યથાને સમજવા અથાગ પ્રયાસો કરે છે. પણ અજાણપણે જ આ પ્રયાસો કરતા કરતા નાયકની સાથે તાદાત્મ્ય કેળવે છે અને પોતાના લગ્ન જીવનના અસંતોષના ઘાવને વધુને વધુ કારમી રીતે અનુભવે છે. નાયક આ બાબત પોતાની આંતરસૂઝથી કળી જાય છે અને ડૉક્ટરને પણ પોતાનો પ્રતિસ્પર્ધી માની બેસે છે, જે માન્યતા પહેલાથી પોતાની હોય છે. નાટકના અંતે નાયકની માનસિક સમસ્યાનું કારણ મળી જાય છે. તરુણાવસ્થાનો નાયક પોતાની જાતીયવૃત્તિના કુતૂહલને સંતોષવા પ્રયાસ કરતો હોય છે ત્યાં જ તે પોતાના પિતાને અસભ્ય ફિલ્મના થિયેટરમાં જોઈ જાય છે. બાળપણથી પિતાની પોતાના માનસપટ પર છવાયેલી ઈમેજ તૂટ જતા નાયક 'મનોવૈજ્ઞાનિક આઘાત' અનુભવે છે. પરિણામે પોતાના જેટલી જ ઉંમરની છોકરી સાથે જાતીય સંબંધ બાંધવા પ્રયાસ કરે છે. ઘોડાઓએ પોતાની નજરે જોઈ છે એવો એક ખ્યાલ એના મગજનો કબજો જમાવી લે છે, પરિણામે પોતે 'દેવ' માની લીધેલા ઘોડાની સામે થયેલા પાપથી ફરી આઘાત પામે છે અને છેલ્લે એની મૃત્યેષણા જાગૃત થાય છે અને તે બધા જ ઘોડાઓની આંખો ફોડી નાંખે છે. ડૉક્ટર આ ઘટનાનું વિશ્લેષણ કરી તેને શાંત પાડે છે, ચિકિત્સા કરે છે પણ તે પોતે પણ પોતાની જાતને લગામની પકડમાં જકડાયેલી અનુભવે છે. સાથે સાથે ભાવકવર્ગ પણ સમાજની કહેવાતી સભ્યતાની લગામ પ્રત્યે સભાન બને છે. પીટર શેફરે ફ્રોઈડની દરેક સમજૂતીનો જાણે કે આ નાટકમાં પૂરેપૂરો ઉપયોગ કરેલો જોવા મળે છે. આ જ રીતે શરૂઆતમાં નવલકથા સ્વરૂપે લખાયેલી દોસ્તોયવસ્કીની 'ક્રાઈમ એન્ડ પનીશમેન્ટ'માં પણ માનવચિત્તમાં ચાલતી વિચિત્ર સંઘર્ષાત્મક મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા જોઈ શકાય છે. 'ક્રાઈમ એન્ડ પનીશમેન્ટ'નું ગુજરાતીમાં રૂપાંતર શ્રી સુભાષ શાહે કરેલું છે. લગભગ સવાસો વર્ષ પહેલા લખાયેલી નવલકથાની ઘટનાઓ અને વિચારો આજે પણ સાંપ્રત છે. નાટકનો નાયક રાસ્કોલનિકોવ ઉચ્ચ અભ્યાસ કરતો બુદ્ધિશાળી વિદ્યાર્થી છે અને કારમી ગરીબીનો સામનો કરે છે અને પોતાની અનેક પ્રકારની વિડંબનાઓ અને સંઘર્ષો વચ્ચે ઘેરાઈને ખૂન કરી બેસે છે, જે ફ્રોઈડની મૃત્યેષણાને આભારી છે.*

*આ જ રીતે મોહનરાકેશનું હિન્દી નાટક 'આધેઅધૂરે' પણ લઈ શકાય. નાયિકા સાવિત્રી પતિમાં પોતાના મનનો ઈચ્છિત પુરુષ જોઈ શકતી નથી. પરિણામે ઘરનું કંઈક ભલું કરવાનું બહાને પણ આગળ પડતા પુરુષોને પોતાના ઘરે લાવે છે જે તેના પતિમાં લઘુતાગ્રંથિ ઊભી કરે છે. પરિણામે પતિ ઘર છોડીને ચાલ્યો જાય છે. સ્ત્રીની દમિત ઈચ્છા જોર પકડે છે અને તે લગ્ન બાહ્ય સંબંધ માટે રાજી થાય છે પરંતુ પુરુષમિત્ર સામાજિક રીતે જવાબદારી ઉપાડવા તૈયાર નથી. વિશ્વની વાસ્તવિકતા અને આંતરમનની અચેતન ઈચ્છાઓ, અપેક્ષાઓ પાત્રો પાસે વિવિધ પ્રકારના વર્તન કરાવતી જોવા મળે છે. ઘણાબધા નાટકોમાં આવા ચરિત્રચિત્રણો આપણે જોઈ, નોંધી, અનુભવી શકીએ છીએ. અચેતન મનનો સ્વીકાર ઘણાબધા લોકો કરે છે, ઘણા નથી કરતા. પરંતુ અચેતન ઈચ્છાનો અનુભવ તો બધા જ કરે છે. આમ, સાહિત્ય ક્ષેત્રે મનોવિજ્ઞાનનો એકમાત્ર સિદ્ધાંત જ કેટલીય જગ્યાએ પોતાનું અસ્તિત્વ મજબૂત રીતે સાબિત કરે છે.*

*ફ્રોઈડના સિદ્ધાંતોમાં ભૌતિકવાદ નજરે પડે છે અને શિક્ષિતોમાં ગેરસમજ પણ ઊભી કરે છે. સી. ટી. ભોપટકર કહે છે કે,* 'Dr. Freud has been one of the most misunderstood thinkers. The majority confuse his theory with psychology of sex and there are still quite a few academicians who hold him chiefly responsible for man's degrading sense of values and morality. This has observed the real Contribution of Dr. Freud to the understanding of man.'